For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રૂપાલી સોસાયટી-સુદર્શન પાર્કના રહીશોની ડેપ્યુટી કલેક્ટરને રજૂઆત

# તરસાલીમાં અશાંતધારા મુદ્દે મિલકત વેચાણનો વિવાદ

**વેચાણ** દસ્તાવેજ રદ કરી તપાસ કમિટી રચવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના તરસાલી વિસ્તારમાં સંવેદનશીલ ઝોન નજીક આવેલી રૂપાલી સોસાયટી-સુદર્શન પાર્કમાં અન્ય ધર્મના વ્યક્તિને મિલકત વેચાણ કરવાના મુદ્દે વિવાદ સર્જાયો છે. સોસાયટીના રહીશોએ ડેપ્યુટી કલેક્ટર અને પ્રાંત અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી અશાંતધારા કાયદાના કથિત ભંગ બદલ વેચાણ દસ્તાવેજ રદ કરવાની માંગ કરી છે.

તરસાલી ગામના રે.સ. નં. ૨૪૦/૧, ૨૪૦/૨ અને સી.ટી.એસ. નં. ૧૫૩૮/બમાં આવેલી આ સોસાયટીમાં આશરે ૨૬ મકાનો છે. રહીશોના જણાવ્યા મુજબ અહીં હાલ હિન્દુ પરિવારો વસવાટ કરે છે. તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મકાન નં. ઈ-૩ના માલિક પ્રેમપ્રકાશ ગુરનાની અને નેહા પ્રેમ ગુરનાનીએ મિલકત સુલેમાની મહંમદઈન્દ્રીસ આસદઅલી અને મેહર આફરોજ સુલેમાનીને વેચાણ કરી હતી. આ વેચાણ દસ્તાવેજ દંતેશ્વર સબ-રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નં. ૬૮૨૧થી નોંધાયો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.



રહીશોના આક્ષેપ મુજબ સોસાયટી અશાંતધારા લાગુ પડતા રૂપાર્ક અને વિશાલનગર વિસ્તારથી ૫૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલી છે. આવા વિસ્તારમાં મિલકત અન્ય ધર્મના વ્યક્તિને તબદીલ કરવા માટે કાયદેસર મંજૂરી જરૂરી હોવાનું તેમનું કહેવું છે. તેમ છતાં જરૂરી પરવાનગી વિના વેચાણ થયું હોવાનો આક્ષેપ કરી રહીશોએ દસ્તાવેજ રદ કરવાની માંગ કરી છે.

રહીશોએ વધુમાં જણાવ્યું છે કે મામલાની તપાસ માટે વિશેષ કમિટી રચી સોસાયટી અને આસપાસના વિસ્તારનો સર્વે કરાવવામાં આવે. કમિટીનો અહેવાલ ન આવે ત્યાં સુધી વિવાદિત મિલકત અંગે યોગ્ય વહીવટી વ્યવસ્થા જાળવવાની પણ માંગ કરવામાં આવી છે.

રજૂઆત સમયે સોસાયટીના અગ્રણીઓ, રહીશો, પૂર્વ મેયર નિલેશ રાઠોડ અને પૂર્વ શાસક પક્ષના નેતા અલ્પેશ લીમ્બાચીયા ઉપસ્થિત રહ્યા હતા. હવે વહીવટી તંત્રની કાર્યવાહી પર સૌની નજર છે.

### બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની બેઠકમાં સર્વાનુમતે ઠરાવ

# ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં વકીલો દ્વારા સોમવારથી રાજ્યની કોર્ટ કાર્યવાહીનો બહિષ્કાર

**ટ્રિબ્યુનલ** અને રેવન્યુ કચેરીના કેસોની કામગીરીથી અળગા રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

ગુજરાત સરકારના ગુજરાત ભાડા વિષયક વિધેયક-2026માં ભાડા સંબંધિત તકરારોના નિવારણની સત્તા સ્મોલ કોઝ કોર્ટ પાસેથી લઈ એડમિનિસ્ટ્રેટિવ ઓથોરિટીને આપવાની જોગવાઈના વિરોધમાં ગુજરાતના વકીલોનો વિરોધ વધુ ઉગ્ર બન્યો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની 3 ઓક્ટોબરે મળેલી અસાધારણ જનરલ બોર્ડ બેઠકમાં સર્વાનુમતે ઠરાવ કરી 5 ઓક્ટોબરથી સમગ્ર ગુજરાતમાં કોર્ટ સહિતની વિવિધ સંસ્થાઓમાં ચાલતા કેસોની કામગીરીથી સ્વૈચ્છિક રીતે અળગા રહેવાનો નિર્ણય લેવાયો છે.

વિધેયકમાં ભાડા તકરારોના નિર્ણયની સત્તા સ્મોલ કોઝ કોર્ટને બદલે એડિશનલ કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર સહિતની એડમિનિસ્ટ્રેટિવ ઓથોરિટીને આપવાની જોગવાઈ સામે વકીલ મંડળોમાં વિરોધ છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યની વિવિધ કોર્ટોમાં વકીલો સ્વૈચ્છિક રીતે કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવી રહ્યા છે.

આ મુદ્દે વકીલો અને પક્ષકારોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ બાર કાઉન્સિલે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. જેમાં એડમિનિસ્ટ્રેટિવ અધિકારીઓ પર પહેલેથી રહેલી સરકારી જવાબદારીઓ, પુરાવા લેવાની પ્રક્રિયા, પુરાવાનું મૂલ્યાંકન તથા ન્યાયિક અને વહીવટી સત્તા દ્વારા વિવાદોના નિવારણ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકના અંતે વિરોધ કાર્યક્રમને સંપૂર્ણ સમર્થન આપવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો. 5 ઓક્ટોબરથી સંતોષજનક ઉકેલ ન આવે ત્યાં સુધી વકીલો કોર્ટ, ટ્રિબ્યુનલ, ન્યાયિક-અર્ધન્યાયિક ઓથોરિટી તથા રેવન્યુ કચેરીઓમાં કેસની કામગીરીથી અળગા રહેશે. વિરોધ દરમિયાન કોર્ટ કેમ્પસ બહાર વિવિધ કાર્યક્રમો પણ યોજાશે. બાર કાઉન્સિલના ચેરમેન પી.ડી. પટેલની આગેવાનીમાં પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રી અને કાયદામંત્રીને મળીને જોગવાઈમાં સુધારો કરી ભાડા તકરારના નિર્ણયની સત્તા ફરી જ્યુડિશિયલ ઓથોરિટીને સોંપવાની માંગ કરશે.

### સરકાર કાયદો પરત નહીં ખેંચે તો અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

# બીજા દિવસે પણ હડતાળ યથાવત, વકીલોની પોલીસ સાથે તુંતું..મેમે..

**કોર્ટની** કામગીરીથી અળગા રહી વકીલોએ નોંધાવ્યો વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ગુજરાત ભાડા અધિનિયમ-2026ની કેટલીક જોગવાઈઓના વિરોધમાં વડોદરા વકીલ મંડળની હડતાળ સતત બીજા દિવસે પણ યથાવત રહી હતી. શનિવારે વકીલોએ કોર્ટની કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો. દરમિયાન કોર્ટની બહાર વકીલો અને પોલીસ વચ્ચે સામાન્ય રકઝક તુતુ મેમે સાથે બોલાચાલી થઇ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. કોર્ટની પોલીસ કર્મચારીની કાર જવા મુદ્દે પોલીસ અને વકીલ સામસામે આવતા થોડા સમય માટે માહોલ ગર્માયો હતો.

ગુજરાત ભાડા વિધેયક-2026માં ભાડાની મિલકતો માટે લેખિત કરાર ફરજિયાત કરવા, ભાડા સત્તાધિકારી તથા રેન્ટ કોર્ટની વ્યવસ્થા ઊભી કરવા અને સિક્યોરિટી ડિપોઝિટને ત્રણ મહિનાના ભાડા સુધી મર્યાદિત કરવા સહિતની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓ તથા તેના અમલીકરણ સામે વડોદરા વકીલ મંડળે વાંધો ઉઠાવ્યો છે. વકીલ મંડળના સૂત્રોના જણાવ્યા મુજબ, નવી વ્યવસ્થાના કારણે સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને વધુ વેગ મળવાની આશંકા છે. આથી નવા કાયદાને પરત ખેંચવાની માંગ સાથે વકીલ મંડળ દ્વારા મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી અને રાજ્યપાલને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.



દરમિયાન શનિવારે હડતાળ દરમિયાન કોર્ટ પરિસરમાં વકીલો અને પોલીસ વચ્ચે કોઈ મુદ્દે બોલાચાલી થઈ હતી. બંને પક્ષ વચ્ચે તુ-તુ, મેં-મેં થતાં થોડા સમય માટે વાતાવરણ ગરમાયું હતું. જોકે બાદમાં મામલો શાંત થયો હતો. વકીલો પોતાની માગણીઓ પર મક્કમ રહી હડતાળ ચાલુ રાખવાના મૂડમાં હોવાનું જાણવા મળ્યું છે. જોકે સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

### શહેર-જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના પ્રયાસો રંગ લાવ્યા

# ફિટનેસ સર્ટિફિકેટના વિલંબ બદલ લેવાતી રૂ.૫૦ દૈનિક ફી આખરે રદ

**વડોદરા** રેલવે સ્ટેશન ખાતે રિક્ષા ચાલકો દ્વારા હર્ષોલ્લાસ સાથે વિજય ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.2

ગુજરાતભરના રિક્ષાચાલકો અને પરમિટવાળા વાહનમાલિકો માટે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૧૭ થી ફિટનેસ સર્ટિફિકેટ મેળવવામાં જો એક દિવસનું પણ વિલંબ થાય તો રોજના ૫૦ લેખે વસૂલવામાં આવતી દૈનિક પેનલ્ટી રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર રીતે બંધ કરવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યના હજારો વાહનચાલકોને મોટી આર્થિક રાહત મળી છે.

વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના જણાવ્યા અનુસાર, અગાઉ પરમિટવાળા વાહનોના ફિટનેસ સર્ટિફિકેટ રિન્યુ કરાવવામાં વિલંબ થતાં દૈનિક ૫૦ ની દંડ રકમ વસૂલાતી હતી. આ અન્યાયી જોગવાઈ સામે અગાઉ અદાલતમાં પડકારવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૬માં યુનિયન દ્વારા ફરીથી મક્કમ કાનૂની લડત હાથ ધરવામાં આવી હતી. હાઈકોર્ટના સ્પષ્ટ આદેશ બાદ આ દૈનિક ફી પ્રથા નાબૂદ કરવામાં આવી છે.

આ નિર્ણયના પગલે વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયન દ્વારા વડોદરા રેલવે સ્ટેશન ખાતે ભેગા મળીને વિજય ઉજવણી કરવામાં આવી હતી. યુનિયનના પ્રમુખ બિલાલ પરમારે તમામ ચાલકોને આ બાબતે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, હવે પી.વી.સી. નંબર પ્લેટવાળા વાહનોના માલિકો કોઈપણ વધારાની પેનલ્ટી વગર સ્વેચ્છાએ પોતાની નિયમિત ફી ભરીને પાર્સિંગ કરાવી શકશે.

### સામસામે મારામારી કરતા ૮ સામે ફરિયાદ

# ગોરવામાં કુતરાને આઈસક્રીમ ખવડાવવાના મુદ્દે પાડોશીઓ બાખડ્યા

**યુવકને** સમજાવવા આવેલા પરિવારજનો સાથે ઝઘડો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ગોરવાની જયનારાયણ સોસાયટી વિભાગ-2માં મકાનની સામે કુતરાને વેનીલા આઈસક્રીમ ખવડાવવા મૂકવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે શરૂ થયેલો વિવાદ ઉગ્ર બનતા મારા મારી સુધી પહોંચી ગયો હતો. આ મુદ્દે બંને પક્ષે મારામારી થતાં ગોરવા પોલીસ મથકે સામસામે આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવતા પોલીસે 8 લોકો સામે ગુનો દાખલ કર્યો છે.

ગોરવા વિસ્તારમાં જયનારાયણ સોસાયટી વિભાગ-2માં ઉપરના માળે રહેતા હરીશભાઈ રાજના પુત્ર યુવરાજે તા.1 ઓક્ટોબરે મકાનની સામે રસ્તા પર કુતરાને ખવડાવવા વેનીલા આઈસક્રીમ મૂકી હતી. નીચેના માળે રહેતા લીનાબેન પટેલે આઈસક્રીમ ન મૂકવા કહેતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ધમકી આપ્યાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો.

દરમિયાન તા.2 ઓક્ટોબરની રાત્રે આશરે સાડા દસ વાગ્યે લીનાબેનના સંબંધીઓ પિયુશ પંડ્યા, એરોન ક્રિસ્ટીયન, નિલમ માળી સહિતના લોકો બે કારમાં યુવરાજને સમજાવવા પહોંચ્યા હતા. અહીં બંને પક્ષ વચ્ચે ફરી બોલાચાલી થતાં મામલો મારામારી સુધી પહોંચ્યો હતો.

આ અંગે કરુણાબેન હરીશભાઈ રાજે નોંધાવેલી ફરિયાદ મુજબ, પિયુશ પંડ્યાએ તેમના પુત્ર યુવરાજને ગાળો આપી કોલર પકડી લીધો હતો, જ્યારે એરોન ક્રિસ્ટીયને તેની સાથે મારામારી કરી હતી. પરિવારજનો છોડાવવા નીચે આવતાં પિયુશે તેમના પતિ હરીશભાઈને ધક્કો મારતાં તેઓ કારના બોનેટ પર પટકાયા હોવાનો આક્ષેપ છે. યુવરાજની ગરદન પકડી ધક્કો મારવામાં આવ્યો હતો. ઝપાઝપી દરમિયાન એરોન ક્રિસ્ટીયને કરુણાબેનનો હાથ પકડી મચોડી ઈજા પહોંચાડ્યાનો તથા નિલમ માળીએ પુત્રી રાજેશ્વરી સાથે ધક્કામુક્કી કરી હતી ઉપરાંત યુવરાજને વધુ માર મારવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ છે.

આ બનાવને પગલે કરુણાબેન રાજે પિયુશ પંડ્યા, એરોન ક્રિસ્ટીયન, નિલમ માળી સહિત ચાર વ્યક્તિ સામે ગાળાગાળી, મારામારી, ઈજા પહોંચાડવા અને ધમકી આપવાના આક્ષેપો સાથે ગોરવા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ભાયલીમાં 7 મહિના સુધી દુષ્કર્મી સુનીલ મહિડા પીડિતા સાથે રહ્યો

**બે વખત** ગર્ભપાત કર્યા હોસ્પિટલમાં કરાવ્યું તેની તપાસ કરાશે : બોગસ આધારકાર્ડની પણ તપાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરાના ગોત્રી વિસ્તારમાં 28 વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપી દોઢ વર્ષ સુધી વારંવાર દુષ્કર્મ ગુજારવાના આરોપમાં ઝડપાયેલા જમીન દલાલ સુનીલ મહિડાના ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં શનિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે વધુ રિમાન્ડની જરૂર ન હોવાનું જણાવતાં કોર્ટે આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

ગોત્રી પોલીસે યુવતીની ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી હતી. ફરિયાદ મુજબ, આરોપીએ લગ્નની ખાતરી આપી યુવતી સાથે સંબંધ બાંધ્યા હતા અને દોઢ વર્ષ દરમિયાન વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ દરમિયાન યુવતીને બે વખત ગર્ભ રહેતાં બંને વખત ગર્ભપાત કરાવ્યો હોવાનો પણ આક્ષેપ છે.

પોલીસ તપાસમાં આરોપી પરણિત અને સંતાનો ધરાવતો હોવા છતાં આ હકીકત યુવતીથી છુપાવ્યાનું સામે આવ્યું છે. યુવતી મુસ્લિમ હોવાથી સંબંધ કેળવવા માટે આરોપીએ 'સમીર ઉસ્માન મિયાં' નામનું બોગસ આધારકાર્ડ બનાવડાવ્યું હોવાનો પણ આક્ષેપ છે. પોલીસે આ આધારકાર્ડ સહિતના પુરાવા કબજે કર્યા છે. તપાસમાં આરોપીએ ભાયલીની સોસાયટીમાં 11 મહિનાનો ભાડા કરાર કરી મકાન રાખ્યું હતું અને આશરે સાત મહિના યુવતી સાથે ત્યાં રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે મકાન ઉપરાંત યુવતીને લઈ જવાયેલી હોટલો તથા બંને ગર્ભપાત કઈ હોસ્પિટલમાં કરાવાયા હતા તેની પણ તપાસ શરૂ કરી છે.

# સાવલીમાં સાપે ડંખ મારતાં ખેતમજૂરનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.3

સાવલી તાલુકાના નટવરનગર ગામની સીમમાં ખેતરમાંથી ઘરે પરત ફરી રહેલા 45 વર્ષીય ખેતમજૂરને સાપે ડંખ મારતાં મોત નીપજ્યું હતું. બનાવને પગલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી હતી.

મામાદેવ તળાવ નજીક ખેતરમાં રહેતા રાજેન્દ્રસિંહ વાલજીભાઈ મહીડા તા. 2 ઓક્ટોબરની રાત્રે આશરે 10.30 વાગ્યે ડાંગરના પાકની દેખરેખ માટે ખેતરમાં ગયા હતા. પાકની તપાસ કર્યા બાદ તેઓ પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અંધારામાં અચાનક સાપે તેમના પગમાં ડંખ માર્યો હતો.

સાપના ડંખ બાદ તબિયત લથડતાં પરિવારજનો તેમને તાત્કાલિક વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જોકે, સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે ભાદરવા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

### ટ્રાફિકની લગામ TRB જવાનોના હાથમાં

# શહેરના પૂર્વ ઝોનના અનેક પોઈન્ટ પર ટ્રાફિક પોલીસ કર્મચારી ગાયબ?

**સરકારમાંથી** તગડો પગાર વસૂલતા ટ્રાફિક પોલીસના કર્મચારીઓ ક્યાં ગયા.. ?

**માત્ર** આંટો મારી પોઇન્ટ પરથી ફરાર થઈ જતા બેદરકાર ટ્રાફિક કર્મચારીઓ સામે લાલ આંખ કરાશે ?

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરમાં વાહનોની વધતી સંખ્યા સાથે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. સવાર-સાંજ મુખ્ય માર્ગો અને ચાર રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે. આવી સ્થિતિમાં પૂર્વ ઝોનના કેટલાક ટ્રાફિક પોઈન્ટ પર ટ્રાફિક પોલીસ કર્મચારીઓની જગ્યાએ TRB જવાનો ટ્રાફિક સંભાળતા હોવાની ચર્ચાએ પોલીસ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, પૂર્વ ઝોનના કેટલાક પોઈન્ટ પર નિયમિત ટ્રાફિક પોલીસ કર્મચારીઓની પૂરતી હાજરી જોવા મળતી નથી અને TRB જવાનોને ટ્રાફિક વ્યવસ્થાની જવાબદારી સંભાળવી પડે છે. બીજી તરફ, સંબંધિત ટ્રાફિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પોઈન્ટ પર માત્ર ઔપચારિક આંટો મારી જતા હોવાની પણ ચર્ચા છે. જેના કારણે ટ્રાફિકનું વાસ્તવિક ભારણ TRB જવાનો પર આવી ગયું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ટ્રાફિક પોલીસની મુખ્ય જવાબદારીમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા સામે કાર્યવાહી, ટ્રાફિક જામ હળવો કરવો, અકસ્માત સમયે માર્ગ વ્યવસ્થા જાળવવી તેમજ પીક અવર્સ દરમિયાન વાહનવ્યવહાર સુચારુ રાખવાનો સમાવેશ થાય છે. ત્યારે મહત્વના પોઈન્ટ પર પોલીસની પૂરતી હાજરી ન હોય તો ટ્રાફિક વ્યવસ્થા કેવી રીતે સુધરશે તેવો સવાલ વાહનચાલકોમાં ઉઠી રહ્યો છે.

એક તરફ પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમોના પાલન માટે વિવિધ અભિયાન ચલાવવામાં આવે છે, જ્યારે બીજી તરફ ટ્રાફિક પોઈન્ટ પર જ પોલીસ કર્મચારીઓની પૂરતી હાજરી ન હોવાની ફરિયાદો સામે આવી રહી છે.

જો આ ફરિયાદોમાં તથ્ય હોય તો પોલીસ કમિશનર દ્વારા પૂર્વ ઝોનના ટ્રાફિક પોઈન્ટ પર કર્મચારીઓની હાજરી અને કામગીરીની તપાસ કરાવી જવાબદારી નક્કી કરવામાં આવશે કે નહીં, તે હવે જોવાનું રહ્યું.

# કારેલીબાગમાં વેપારીના ગળામાંથી બાઈકસવારે સોનાની ચેઈન આંચકી

**પત્ની** સાથે રાત્રે વોક પર નીકળેલા વેપારીને બે શખ્સોએ નિશાન બનાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા 3

વડોદરા શહેરના કારેલીબાગની આશુતોષ સોસાયટીમાં રહેતા 58 વર્ષીય કેમિકલ વેપારી પત્ની સાથે રાત્રે ચાલવા નીકળ્યા હતા ત્યારે ચંદ્રાવલી સર્કલ નજીક પાછળથી બાઈક પર આવેલા બે શખ્સોએ તેમના ગળામાંથી આશરે રૂ.90 હજારની સોનાની ચેઈન આંચકી લીધી હતી. બનાવ બાદ બાઈકસવાર શખ્સો વાઘેશ્વરી નાકા થઈ વીઆઈપી રોડ તરફ ફરાર થઈ ગયા હતા.

વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે બંને ગઠીયાની શોધખોળ શરૂ કરી છે.

કારેલીબાગની આશુતોષ સોસાયટીમાં રહેતા મિલીન્દ અનંતરાવ વડનેરકર (ઉં.વ.58) પાદરા તાલુકાના ઉમરાણ ગામ ખાતે કેમિકલનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ આશરે ચાર વર્ષ પહેલાં ખરીદેલી દોઢ તોલા જેટલી ડિઝાઈનવાળી સોનાની ચેઈન રોજ પહેરતા હતા. 2 ઓક્ટોબરની રાત્રે તેઓ પત્ની મોનીકાબેન સાથે ચાલવા માટે ઘરેથી નીકળ્યા હતા.

વેપારી દંપતી ઉત્કર્ષ પેટ્રોલ પંપ થઈ મુક્તાનંદ સર્કલ અને ત્યારબાદ ચંદ્રાવલી સર્કલ તરફ ગયા હતા. ત્યાંથી વાઘેશ્વરી નાકા તરફ જતા સમયે ચંદ્રાવલી સર્કલથી આશરે 50 મીટર દૂર વાઘેશ્વરી રોડ પર પાછળથી એક બાઈક પર બે શખ્સો આવ્યા હતા.

બાઈક પર પાછળ બેઠેલા આશરે 35 વર્ષના શખ્સે મોઢા પર કાળા રંગની બુકાની બાંધી હતી. તેણે વેપારીના ગળામાં પહેરેલી આશરે 15 ગ્રામ વજનની સોનાની ચેઈન અચાનક આંચકી લીધી હતી. ચેઈનની કિંમત આશરે રૂ.90 હજાર હોવાનું જણાવ્યું છે.

### ઓપરેશન થિયેટર નજીક જ સુરક્ષાના ધજાગરા, શોર્ટ સર્કિટ કે મોટો અકસ્માત સર્જાય તો જવાબદારી કોની?

# SSGHમાં ખુલ્લા વાયરો અને ટપકતા પાણીથી દુર્ઘટનાની દહેશત

**ખુલ્લો** જનરેટર રૂમ અને ભીના વાયરો બન્યા જીવનું જોખમ, દર્દીઓ અને સગા-સંબંધીઓમાં રોષ

**દર્દીઓ** અને સ્ટાફની સતત અવરજવર છતાં સુરક્ષાના પગલાંનો અભાવ; તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૩

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ ફરી એકવાર બેદરકારીના આક્ષેપોને લઈને ચર્ચામાં આવી છે. હોસ્પિટલના સંવેદનશીલ ઓપરેશન થિયેટર વિભાગ નજીક આવેલા જનરેટર રૂમ પાસે છતમાંથી સતત પાણી ટપકી રહ્યું છે. પાણીના કારણે ખુલ્લા વીજ વાયરો ભીના થઈ રહ્યા હોવાના દૃશ્યો સામે આવતા દર્દીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.



ઓપરેશન થિયેટર નજીક પાણી લીકેજ



જનરેટર રૂમ પાસે પાણીમાં પલળતા ખુલ્લા વાયરો

ઓપરેશન થિયેટર નજીકનો આ વિસ્તાર દર્દીઓ, તેમના સગાં-સંબંધીઓ અને મેડિકલ સ્ટાફની સતત અવરજવરથી ધમધમતો રહે છે. તેમ છતાં જનરેટર રૂમ ખુલ્લી હાલતમાં જોવા મળી રહ્યો છે અને તેની નજીક જ પાણી ટપકતું હોવાથી વીજળીના વાયરો ભીના થવાની સ્થિતિ સર્જાઈ છે. આવી સ્થિતિમાં શોર્ટ સર્કિટ કે વીજ કરંટ લાગવાનો જોખમ ઊભો થઈ શકે છે.

હોસ્પિટલમાં દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. ખાસ કરીને ઓપરેશન થિયેટર નજીક સુરક્ષાની વ્યવસ્થા વધુ ચુસ્ત હોવી જરૂરી છે. પરંતુ અહીં પાણી લીકેજ અને ખુલ્લા વીજ વાયરોની સમસ્યા હોવા છતાં યોગ્ય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

જો પાણીના સંપર્કમાં આવેલા વીજ વાયરોમાં શોર્ટ સર્કિટ થાય તો ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા નકારી શકાય નહીં. આગ કે વીજ કરંટની ઘટના બને તો દર્દીઓ અને સ્ટાફને મુશ્કેલી પડી શકે છે.

આ સ્થિતિને લઈને સ્થાનિક લોકો અને સજાગ નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. દર્દીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ તંત્ર દ્વારા પાણીનું લીકેજ તાત્કાલિક દૂર કરવું, ખુલ્લા વીજ વાયરોને સુરક્ષિત કવર આપવા અને જનરેટર રૂમની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા કરવી જરૂરી બન્યું છે. હવે હોસ્પિટલ તંત્ર આ ગંભીર મુદ્દે ક્યારે કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું.

### સોમવારે માસ સીએલ અને ૭મીથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

# દિવાળીપુરા કલેક્ટર કચેરીમાં મહેસુલી કર્મચારીઓનો કાળી પટ્ટીધારી વિરોધ

**૧૬ પડતર** માંગણીઓને લઈને વર્ગ-૩ના કર્મચારીઓમાં રોષ, વહીવટી કામગીરી ઠપ થવાની પૂરેપૂરી સંભાવના

(પ્રતિનિધિ) વડોદરા. તા.૩

વડોદરાઃ દીવાળીપુરા સ્થિત નવી કલેક્ટર કચેરી ખાતે મહેસુલી કર્મચારી વર્ગ-3 દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કર્મચારીઓએ હાથ પર કાળી પટ્ટી ધારણ કરી કામગીરી કરી સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

મહેસુલી કર્મચારી મહામંડળના જણાવ્યા મુજબ, કર્મચારીઓની લાંબા સમયથી પડતર રહેલી 16 જેટલી માંગણીઓના નિરાકરણ માટે આ વિરોધ કરવામાં આવ્યો હતો. અગાઉ અનેક વખત રજૂઆતો કરવા છતાં પ્રશ્નોનો યોગ્ય ઉકેલ નહીં આવતા કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે.



મહામંડળે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં તમામ મહેસુલી કર્મચારીઓ માસ સીએલ પર ઉતરશે અને નિયત સમય મુજબ માત્ર હાજરી આપવા આવશે. ત્યારબાદ 7 ઓક્ટોબરથી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે. મહેસુલી કર્મચારીઓની હડતાળને પગલે મહેસુલી કચેરીઓમાં થતી વહીવટી કામગીરી તેમજ સરકારી કામો પર અસર થવાની શક્યતા છે. ખાસ કરીને વિવિધ પ્રમાણપત્રો, મહેસુલી નોંધો અને અન્ય વહીવટી કામગીરીમાં વિલંબ થઈ શકે છે. હવે કર્મચારીઓની માંગણીઓના ઉકેલ માટે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર નજર છે.